પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૮) અંક નં. ૧૪૨ | ૩૧ જુલાઈ, ૨૦૨૩, સોમવાર; અધિક શ્રાવણ સુદ - ૧૩/૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

તંત્રી સ્થાનેથી...

## નિવૃત્તિની ક્ષણે...

**પરમપ્રિય સ્વજનો,**

પ્રણામ...

હું કૃષ્ણકાન્ત વાસુદેવ જહા - 'ગાંધીનગર સમાચાર'ના કાર્યભારમાંથી નિવૃત્ત થઈ રહ્યો છું ત્યારે આપ સૌએ સાતત્યપૂર્ણ વરસાવેલ પ્રેમ અને હૂંફ બદલ અંતરના ઊંડાણથી વંદન કરું છું. આજથી ૪૧ વર્ષ પૂર્વે એટલે કે ૧૯૮૨, ૨૨ ફેબ્રુઆરીને મહાશિવરાત્રીના મંગલ પ્રભાતે 'ગાંધીનગર સમાચાર'ની સાપ્તાહિક સ્વરુપે આરંભાયેલી સમાચાર યાત્રાને ૧૯૮૬, ૧૨મી માર્ચે દૈનિક સ્વરુપ આપતાં જ પાટનગરનું પ્રથમ દૈનિક બનવાનું સદ્ભાગ્ય 'ગાંધીનગર સમાચાર'ના લલાટે લખાઈ ગયું. ચાર દાયકાની સમાચાર યાત્રા દરમિયાન વિવિધ માર્ગે અને સ્વરુપે સર્જાયેલા પડકારો અને પ્રશ્નો વચ્ચે પણ મૂલ્ય આધારિત પવિત્ર પત્રકારિતાનું પાલન કરવાનો પરમ સંતોષ આજે પણ અકબંધ છે.

સકારાત્મકતા અને સર્જનાત્મકતાની ગળથૂથી સાથે જન્મેલા 'ગાંધીનગર સમાચારે' ચાર દાયકામાં શૈક્ષણિક, સાંસ્કૃતિક, ધાર્મિક, સાહિત્યિક અને સામાજિક પ્રવૃત્તિઓને પોતાના માની હરહંમેશ અગ્રસ્થાન આપ્યું છે. શહેર અને જિલ્લાના સેંકડો યુવક-યુવતીઓની કારકિર્દી ઘડતર પ્રક્રિયામાં 'ગાંધીનગર સમાચાર'ના માધ્યમથી મને હિસ્સો બનવાનું સદ્ભાગ્ય આપવા બદલ પરમતત્વને પ્રણામુ છું. કાળની કેડીએ ચાર દાયકાની 'ગાંધીનગર સમાચાર' યાત્રા દરમિયાન શહેરના વિવિધ પ્રશ્નોને ઉકેલની દિશામાં લઈ જવાનું નિમિત્ત બનવાનો આનંદ આપના ચરણોમાં સમર્પિત કરું છું. ગાંધીનગરની પ્રથમ વાચા સ્વરુપે પ્રગટેલ 'ગાંધીનગર સમાચાર'ની આજ સુધીની યાત્રા દરમિયાન ગાંધીનગરને સરકારીમાંથી સંસ્કારી નગર બનાવનારી સેનાના એક સૈનિક તરીકેની ભૂમિકા મારા જીવન માટે જીવન મૂડી બની ગઈ છે. શાસન અને સમાજ વચ્ચે સેતૂ બનવાના સંકલ્પને સાકાર કર્યાની ખુશી પણ આ ક્ષણે અનુભવુ છું.

મારા જીવનનો અભિન્ન અંગ બની ચૂકેલ 'ગાંધીનગર સમાચાર'ના કાર્યભારમાંથી નિવૃત્તિની ક્ષણે આ શબ્દયાત્રાને સતત વધાવતા રહેલ વાચક પરિવાર, વિતરક પરિવાર અને વિજ્ઞાપન દાતાઓને નમ્રતાપૂર્વક પ્રણામ પાઠવું છું. ચાર દાયકાની સમાચાર યાત્રામાં આરંભકાળથી આજ સુધી કર્મયોગી તરીકે જોડાનાર સૌ સાથી સહકર્મીઓને સ્નેહ સલામ પાઠવું છું. સતત માર્ગદર્શન અને પીઠબળ આપનાર રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારના અધિકારીઓ અને કર્મચારીઓનો આભાર વ્યક્ત કરું છું. ચાર દાયકાની મુદ્રણ પ્રક્રિયામાં સંકળાયેલા સૌને આ ક્ષણે યાદ કરું છું.

ક્ષણે ક્ષણે જીવન વિશ્વાસ જાળવી રાખનાર પરમ તત્વના ચરણોમાં ચાર દાયકાનો પુરુષાર્થ, કર્તવ્યનિષ્ઠા, સમય પાલનતા અને મૂલ્ય આધારિત પત્રકારિતાનો ભાવ સમર્પિત કરી દંડવત પ્રણામ પાઠવું છું.

**- કૃષ્ણકાન્ત જહા**

# અંતરિક્ષની દુનિયામાં ભારતની નવી સફળતા

**ઈસરોએ એક સાથે લોન્ચ કર્યા સાત ઉપગ્રહો : PSLV-C56 સવારે ૬.૩૦ વાગ્યે શ્રીહરિકોટાથી લોન્ચ અંતરિક્ષના ક્ષેત્રમાં ભારતે વધુ એક મોટી છલાંગ લગાવી**



નવી દિલ્હી, તા.૩૦

મિશન ચંદ્રયાન-૩ બાદ અંતરિક્ષના ક્ષેત્રમાં ભારતે વધુ એક મોટી છલાંગ લગાવી છે. ભારતની આ સફળતાના દુનિયાભરમાં વખાણ થઈ રહ્યાં છે. અંતરિક્ષ ક્ષેત્રે સંશોધન કરતા ભારતીય સંસ્થાન ઈસરોએ એક સાથે ૭ ઉપગ્રહો અવકાશમાં છોડીને સ્પેસ એન્ડ ટેકનોલોજી ક્ષેત્રે એક નવી ઉંચાઈ હાંસલ કરી લીધી છે. દુનિયાભરના દેશોની નજર હાલ ભારત પર છે.

ISROએ પોતાની સફળતાના ગૌરવને આગળ વધારતા અવકાશની દુનિયામાં વધુ એક મોટી સફળતા હાંસલ કરી છે. ઈસરોએ એક સાથે ૭ ઉપગ્રહો અવકાશમાં છોડ્યા છે. આ તમામ ઉપગ્રહોને શ્રીહરિકોટાના સતીશ ધવન સ્પેસ સેન્ટરના લોન્ચ પેડ પરથી લોન્ચ કરવામાં આવ્યા હતા. સિંગાપોરથી સાત ઉપગ્રહોના સફળ પ્રક્ષેપણ સાથે, ઈસરોએ આ વર્ષે તેનું ત્રીજું વ્યાવસાયિક પ્રક્ષેપણ પૂર્ણ કર્યું છે.

ભારતીય અવકાશ સંશોધન સંસ્થા દિવસેને દિવસે સફળતાના નવા આયામો લખી રહી છે. દરેક દિવસ નવી સફળતાને સ્પર્શે છે. મંગળથી લઈને ચંદ્ર સુધી દરેક જગ્યાએ ઈસરોના પગના નિશાન છે અને આજે ઈસરોએ વધુ એક નવો રેકોર્ડ બનાવ્યો છે.

ઈસરોએ સફળતાના ગૌરવને આગળ વધારીને અવકાશની દુનિયામાં વધુ એક મોટી સફળતા હાંસલ કરી છે અને આ સફળતા છે એક સાથે ૭ ઉપગ્રહોને અવકાશમાં છોડવાની. તમામ ઉપગ્રહોને શ્રીહરિકોટાના સતીશ ધવન સ્પેસ સેન્ટરના લોન્ચ પેડ પરથી લોન્ચ કરવામાં આવ્યા હતા. સિંગાપોરથી સાત ઉપગ્રહોના સફળ પ્રક્ષેપણ સાથે, ઈસરોએ આ વર્ષે તેનું ત્રીજું વ્યાવસાયિક પ્રક્ષેપણ પૂર્ણ કર્યું છે. ઈસરોએ ૧૯૯૯થી અત્યાર સુધીમાં ૩૬ દેશોમાંથી ૪૩૧ વિદેશી ઉપગ્રહો લોન્ચ કર્યા છે. આ પહેલા ISROએ બે સફળ કોમર્શિયલ લોન્ચિંગ કર્યું છે. આ વર્ષે માર્ચમાં LVM3 રોકેટના ૩૬

● અનુસંધાન પાન-૭ પર

## કેન્દ્રીય કર્મીઓના મોંઘવારી ભથ્થામાં વધારો થઈ શકે છે

**૪ મહિના બાદ કર્મચારીઓને મોંઘવારી ભથ્થાની ભેટ મળવાની છે : ૪ ટકા વધારાની આશા**

નવી દિલ્હી, તા.૩૦

કેન્દ્ર સરકારના કર્મચારીઓનું મોંઘવારી ભથ્થું જુલાઈમાં ૪૨ ટકાથી વધી ૪૬ ટકા થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે. સાતમાં પગાર પંચની ભલામણ પ્રમાણે મોંઘવારી ભથ્થામાં દર છ મહિને ફેરફાર કરવામાં આવે છે. એપ્રિલ મહિનામાં ડીએમાં વધારો જાહેર કરવામાં આવ્યો હતો. ૧ કરોડથી વધુ કેન્દ્રીય કર્મચારીઓ અને પેન્શનર્સને તેનો ફાયદો મળવાનો છે. હવે વર્ષ ૨૦૨૩ના બીજા છ મહિના માટે મોંઘવારી ભથ્થું વધવાનું છે. કેન્દ્રીય કર્મચારીઓ માટે આવનારો મહિનો ખુશીઓ લઈને આવશે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત જાણકારી પ્રમાણે ડીએમાં વધારાની જાહેરાત આ વર્ષે જુલાઈમાં કરવાની હતી. પરંતુ તેનો સમયગાળો વધારવામાં આવ્યો છે. આશા વ્યક્ત કરવામાં આવી રહી છે કે ડીએ વધારાની જાહેરાત ઓગસ્ટ મહિનામાં કરી શકાય છે.

● અનુસંધાન પાન-૭ પર

## રામ મંદિરમાં ૨૪મી જાન્યુઆરીએ ભગવાન શ્રીરામની પ્રાણ પ્રતિષ્ઠા

**મુખ્ય પુજારીએ જાહેર કર્યો કાર્યક્રમ : રામલલ્લાનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ૧૫ જાન્યુઆરીથી શરૂ થશે અને ૨૪મી જાન્યુઆરીએ પ્રાણ પ્રતિષ્ઠા થશે**

અયોધ્યા, તા.૩૦

અયોધ્યામાં જે ભવ્ય રામ મંદિરનું નિર્માણ થઈ રહ્યું છે તેમાં શ્રી રામલલ્લાની સ્થાપનાનો સમય નજીક આવી ગયો છે. મંદિરમાં શ્રીરામની પ્રાણ પ્રતિષ્ઠા કરવાની ડેટ ફાઈનલ થઈ ચુકી છે. અયોધ્યામાં ભવ્ય મહોત્સવ અને કાર્યોક્રમોની વચ્ચે મંદિરમાં શ્રીરામની સ્થાપના કરવામાં આવશે. શ્રી રામ જન્મભૂમિ મંદિરના મુખ્ય પૂજારી આચાર્ય સત્યેન્દ્ર દાસે પ્રાણ પ્રતિષ્ઠાની તારીખ જાહેર કરી છે. તેમણે કહ્યું કે ભગવાન રામલલ્લાનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ૧૫ જાન્યુઆરી ૨૦૨૩થી શરૂ થશે અને ૨૪ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ શ્રીરામની પ્રાણ પ્રતિષ્ઠા મંદિરમાં થશે.

શ્રી રામ જન્મભૂમિ મંદિરના મુખ્ય પૂજારી આચાર્ય સત્યેન્દ્ર દાસના જણાવ્યાનુસાર ૧૪

● અનુસંધાન પાન-૭ પર

## સૌના કલ્યાણની ભાવના જ ભારતની ઓળખ અને તાકાત પણ છે : મોદી

**ગત વર્ષે સ્વતંત્રતા દિવસના અવસર પર હર ઘર તિરંગા અભિયાન માટે દેશ એકસાથે આવ્યો હતો, તેવી જ રીતે દરેક ઘર પર ત્રિરંગો ફરકાવવાનો છે : મોદી**

નવી દિલ્હી, તા.૩૦

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના ખાસ કાર્યક્રમ મન કી બાતમાં રાજકોટ ચમક્યું. ઉલ્લેખનીય છેકે, અવારનવાર મનકી બાત કાર્યક્રમમાં ગુજરાતના કોઈકને કોઈક શહેર કે જિલ્લાની કોઈને કોઈક વ્યક્તિ જરૂર ચમકતી આવી છે. પ્રધાનમંત્રી પોતાના ગૃહરાજ્યમાંથી સારી કામગીરી કરનાર કોઈકને કોઈક અનોખી વ્યક્તિને શોધીને તેની સાથે જરૂર વાતચીત કરી છે. આ વખતના એપિસોડમાં આવી અનેરી તક રાજકોટને મળી. અને રોજકોટના એક ચિત્રકારને મળી. વડાપ્રધાન મોદીએ મનકી બાત કાર્યક્રમમાં રાજકોટના એક ચિત્રકારના ભરપેટ વખાણ કર્યા.

● અનુસંધાન પાન-૭ પર

## ૪૦ ફૂટ ઉંચા તાજિયા નદીમાં પલટતા ઘણા લોકો ઈજાગ્રસ્ત

**મુરાદાબાદમાં મોહરમના અવસર પર ૪૦ ફૂટ ઉંચી તાજિયા નદીમાં પલટી જતાં મોટી દુર્ઘટના સર્જાઈ હતી**

મુરાદાબાદ, તા.૩૦

ઉત્તર પ્રદેશના મુરાદાબાદમાં શનિવારે મોહરમના અવસર પર ૪૦ ફૂટ ઉંચી તાજિયા નદીમાં પલટી જતાં મોટી દુર્ઘટના સર્જાઈ હતી. આ દરમિયાન ઘણા લોકો તાજિયા નીચે દટાયા હતા. જેના કારણે સ્થળ પર અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આ ઘટના મુરાદાબાદના ભોજપુરની છે. તાજીયા પલટી જવાનો વીડિયો પણ સોશિયલ મીડિયા પર શેર કરવામાં આવી રહ્યો છે. તાજિયા નીચે ફસાયેલા લોકોને બચાવવા માટે સ્થાનિક લોકોએ રેસ્ક્યુ ઓપરેશન હાથ ધર્યું હતું. આ ઘટના ત્યારે બની જ્યારે અહેમદપુર બસમતપુરમાં સ્થાનિક લોકો તાજિયાને કરબલામાં લઈ જઈ રહ્યા હતા. દરમિયાન રસ્તામાં ઢેલા નદી આવે છે. તાજિયાને નદીમાંથી બહાર કાઢવામાં આવ્યો ત્યારે નદીની વચ્ચે તાજિયાનું સંતુલન ખોરવાઈ ગયું. આ દરમિયાન ઘણા લોકો તાજિયા નીચે દબાઈ ગયા હતા. લોકોને બચાવવા માટે નજીકના વિસ્તારના સ્થાનિકો આગળ આવ્યા હતા. કેટલાક લોકોને ઈજા પહોંચી હતી પરંતુ તમામને સુરક્ષિત રીતે બચાવી લેવામાં આવ્યા. જણાવવામાં આવી રહ્યું છે કે આ દિવસોમાં ઢેલા નદીનું જળસ્તર સતત વધી રહ્યું છે, પરંતુ આ વખતે ભારે વરસાદને કારણે નદીમાં ઘણું પાણી હતું.




## કોલકાતામાં એક પાકિસ્તાની મહિલાની અટકાયત

કોલકાતા, તા.૩૦

કોલકાતામાં અમેરિકન કોન્સ્યુલેટની સામે ગઈકાલે મોડી રાત્રે એક મહિલાની શંકાસ્પદ હિલચાલ જોવા મળી હતી. તે પાકિસ્તાની મહિલાને શંકાના આધારે અટકાયતમાં લેવામાં આવી હતી અને લાંબા સમય સુધી તેની પૂછપરછ કરવામાં આવી હતી. જો કે, પુરાવાના અભાવે, કોલકાતા પોલીસે ૨૪ કલાક બાદ તેને છોડી હતી. કોલકાતા પોલીસ આ ઘટનાને લઈને સતર્ક છે.




